# તા.૧૫/૦૩/૨૦૧૬ની ખાસ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ

તા.૧૫/૦૩/૨૦૧૬ના રોજ સાંજના ૫:૦૦ કલાકે ખાસ સામાન્ય સભા સભાખંડમાં રાખવામાં આવેલ જે સભાખંડમાં સભાની શરૂઆત થતા પહેલા ભારતીય જનતા પાર્ટીના ૧૪-સભ્યોએ સભા રદ્દ કરવા બાબતે લેખિત દરખાસ્ત આપી હાજરી પત્રકમાં સહી કર્યા વગર સભાખંડ છોડી ચાલ્યા ગયેલ. હાજરી પત્રકમાં તમામ હાજર સભ્યોની સહી લીધા બાદ સભાનુ કામકામ શરૂ કરવામાં આવ્યુ અને સૌપ્રથમ આપેલ દરખાસ્ત વંચાણે લઈ દરખાસ્ત કરનાર સભ્યો ગેરહાજર હોઇ દરખાસ્ત સર્વાનુમતે નામંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૯૮ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

રૂલની કલમ–૭ મુજબ ગત તા.૧૫-૦૨-૨૦૧૬ની મીટીંગનું પ્રોસિંડીંગ મંજુર કરવા બાબત.

ઠરાવ:-

રૂલની કલમ-૭ મુજબ પ્રોસીડીંગ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૯૯ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

૧૩મુ નાણાપંચ સને-૨૦૧૦-૧૧ અંતર્ગત વોર્ડ નં-૯માં હયાતની વાડી ઇમરાન ગીતેલીના ઘરથી રૂલ અમીન જાડેથાના ઘર થઈ ઇસ્હાક હયાતના ઘર સુધી પાઇપડ્રેઈનનુ કામ રૂ!૨,૭૫,૦૦૦/- જ.બોર્ડ ઠરાવ નં.૩૭ તા.૨૯/૦૭/૨૦૧૧થી મંજુર થયેલ છે. સદર જગ્યા ઉપર ભુર્ગભ ગટરની કામગીરી થયેલ હોઇ આ કામ રદ્દ કરી સદર જગ્યાએ પેવરબ્લોકથી રસ્તો બનાવવાના કામે હેતુ ફેર કરવા જરૂરી નિર્ણય કરવા બાબતનું કામ.

ઠરાવ:-

૧૩મુ નાણાપંચ સને-૨૦૧૦-૧૧ અંતર્ગત વોર્ડ નં-૯માં હયાતની વાડી ઇમરાન ગીતેલીના ઘરથી રૂલ અમીન જાડેથાના ઘર થઈ ઇસ્હાક હયાતના ઘર સુધી પાઇપડ્રેઈનનુ કામ રૂ!૨,૭૫,૦૦૦/- જ.બોર્ડ ઠરાવ નં.૩૭ તા.૨૯/૦૭/૨૦૧૧થી મંજુર થયેલ છે. સદર જગ્યા ઉપર ભુર્ગભ ગટરની કામગીરી થયેલ હોઇ આ કામ રદ્દ કરી સદર જગ્યાએ પેવરબ્લોકથી રસ્તો બનાવવાના કામે હેતુ ફેર કરવા સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૦ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૭૮(૨૦૧૪-૧૫) અંતર્ગત મહંમદી મહોલ્લા વ્હોરા કબ્રસ્તાનની દિવાલથી ઇન્દરજી ઘર સુધી વરસાદી પાણીના નિકાલ માટે

પાઇપડ્રેઈન નાંખવાનું કામ રૂ!૩,૯૨,૮૧૧/- જ.બોર્ડ. ઠરાવ નં-૫૦ તા.૩૧/૦૧/૨૦૧૫ થી મંજુર થયેલ છે. સદરકામ રદ્દ કરી ઉપરોક્ત સ્થળે આર.સી.સી. ગટર બનાવવાના કામે હેતુફેર કરવા ડે.એન્જીનીયરશ્રીના અભિપ્રાયવાળુ કામ

ઠરાવ:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુડીપી-૭૮(૨૦૧૪-૧૫) અંતર્ગત મહંમદી મહોલ્લા વ્હોરા કબ્રસ્તાનની દિવાલથી ઇન્દરજી ઘર સુધી વરસાદી પાણીના નિકાલ માટે પાઇપડ્રેઈન નાંખવાનું કામ રૂ!૩,૯૨,૮૧૧/- જ.બોર્ડ. ઠરાવ નં-૫૦ તા.૩૧/૦૧/૨૦૧૫ થી મંજુર થયેલ છે. સદર કામ રદ્દ કરી ઉપરોક્ત સ્થળે આર.સી.સી. ગટર બનાવવાના કામે હેતુફેર કરવા અને જરૂરી દરખાસ્ત કરવા સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૧ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-88-૨૦૧૫-૧૬ અંતર્ગત જ.બોર્ડ ઠરાવ નં-૧૪ તા.૨૭/૦૫/૨૦૧૫થી ચંદુલાલ વકીલની ચાલથી વિશાલ કોમ્પલેક્ષ સુધીનો સી.સી.રોડ બનાવવાના કામે રૂ!૩,૭૩,૮૩૯/- મંજુર થયેલ છે. સદર મંજુર થયેલ રકમમાં આ કામ થઈ શકે તેમ ન હોઈ વોર્ડ નં-૧૧ના સભ્યશ્રીઓની યાદી અન્વયે સદર કામ રદ્દ કરી ઉપરોક્ત મંજુર થયેલ રકમમાંથી આદીત્ય નગરમાં રાજુભાઈ સોનીના મકાનથી ટીનાભાઈના મકાન સુધી રોડ બનાવવાના કામે રીવાઈઝ મંજુરી અર્થે નિર્ણય કરવાનુ કામ.

ઠરાવ:-

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના UDP-88-૨૦૧૫-૧૬ અંતર્ગત જ.બોર્ડ ઠરાવ નં-૧૪ તા.૨૭/૦૫/૨૦૧૫થી ચંદુલાલ વકીલની ચાલથી વિશાલ કોમ્પલેક્ષ સુધીનો સી.સી.રોડ બનાવવાના કામે રૂ!૩,૭૩,૮૩૯/- મંજુર થયેલ છે. સદર મંજુર થયેલ રકમમાં આ કામ થઈ શકે તેમ ન હોઈ વોર્ડ નં-૧૧ના સભ્યશ્રીઓની યાદી અન્વયે સદર કામ રદ્દ કરી ઉપરોક્ત મંજુર થયેલ રકમમાંથી આદીત્ય નગરમાં રાજુભાઈ સોનીના મકાનથી ટીનાભાઈના મકાન સુધી રોડ બનાવવાના કામે રીવાઈઝ મંજુરી મેળવવા દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૨ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

પવડી શાખા મારફતે ગટર તથા રસ્તા રીપેરીંગના કામ માટે રોકવામાં આવતા કડીયાને રૂ!૨૦૦/-મુજબ દૈનિક વેતન ચુકવવામાં આવે છે. જેમાં રૂ!૩૫૦/- થી રૂ!૪૦૦/- મુજબ દૈનિક વેતનમાં વધારો કરવા ઓવરશીયરશ્રી પવડીના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

નગરપાલિકા વિસ્તારમાં ગટર તથા રસ્તા રીપેરીંગના કામે રોકવામાં આવતા કડીયાને રૂ!૨૦૦/-ના દૈનિક દરે મળતા ન હોઇ માર્કેટમાં ચાલતા ભાવ ધ્યાને લઈ એપ્રિલ-૨૦૧૬ દૈનિક રૂ!૩૦૦/- મુજબ વેતન કુશળ કડીયાને ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

# સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૩ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

નહેરૂબાગમાં આવેલ ઝાડો પર બેસતા પક્ષીઓની હગારના કારણે થતી ગંદકી રોકવા ઝાડોનુ ટ્રીમીંગ કરાવવા અને નડતરરૂપ ઝાડો દૂર કરાવવા બાબતે સંબધિત વિભાગની મંજુરી મેળવવા જરૂરી કાર્યવાહી કરવા ચેરમેનશ્રી. જાહેર બાંધકામ વિભાગની ભલામણ અંગે નિર્ણય કરવા બાબત.

ઠરાવ:-

નહેરૂ બાગમાં પક્ષીઓના કારણે થતી ગંદકી દુર કરવા નડતરરૂપ ઝાડો કાપી નાંખવા અને વોક-વેની નજીકના નિલગીરીના ઝાડના પાંદડાના કારણે વોક-વે નજીક પ્લાન્ટેશન થઈ શકતુ ન હોય ઝાડોનુ ટ્રીમીંગ કરવા અને કાપવા માટેની મામલતદારશ્રી ગોધરાની મંજુરી મેળવવા અને મંજુરી મળ્યેથી આગળની કાર્યવાહી માટે પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

# સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૪ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

ગોધરા નગરપાલિકાના ફાયર વિભાગના કાયમી કર્મચારીઓને ૨(બે)-જોડી ગણવેશ આપવા માટે થયેલ રૂ!૧૦૨૦૦/-ના ખર્ચને પ્રમુખશ્રીએ આપેલ મંજુરીને બહાલી આપવાનુ કામ.

ઠરાવ:-

ગોધરા નગરપાલિકાના ફાયર વિભાગના કાયમી કર્મચારીઓને ૨(બે)-જોડી ગણવેશ આપવા માટે થયેલ રૂ!૧૦૨૦૦/-ના ખર્ચને પ્રમુખશ્રીએ આપેલ મંજુરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

# સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૫ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

ગોધરા શહેરમાં સ્ટ્રીટલાઇટના થાંભલાઓ તથા અન્ય જગ્યાઓ ઉપર જાહેરાતના બોર્ડ મુકવા અગાઉ થયેલ ઠરાવથી નક્કી થયેલ ભાવોમાં સુધારો વધારો કરવા બાબત

ઠરાવ:-

ગોધરા નગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રીટલાઇટના થાભલાઓ ઉપર તેમજ શહેરમાંથી પસાર થતાં રાજ્ય ધોરીમાર્ગ રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને અન્ય ખાનગી કે જાહેર મિલ્કતો ઉપર જાહેરાતના બોર્ડ હોર્ડીંગ્સ, મુકવા નીચે મુજબના દરો વાર્ષિક ધોરણે વસુલ લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| અ.નં | સ્થળની વિગત | પ્રતિ.ચો.ફુટ દર(રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | ગોધરા શહેરની સ્ટ્રીટલાઇટના થાભલાઓ ઉપર | ૧૨.૦૦ |
| ૨ | નગરપાલિકાની માલિકીની જમીન રસ્તાઓ અને મિલ્કતો પર | ૭૨.૦૦ |
| ૩ | નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતાં રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગ તથા અન્ય માર્ગો ઉપર | ૩૬.૦૦ |
| ૪ | ખાનગી માલિકીની મિલ્કત ઉપર અન્ય કંપનીની જાહેરાતના લગાવેલ હોર્ડીંગ્સ કે જાહેરાત માટે. | ૧૮.૦૦ |

આ અંગેના નિતી નિયમો અને શરતો નક્કી કરવાની કાર્યવાહી માટે પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને સયુંક્ત રીતે સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૬ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

ગુજરાત મ્યુ.ફા.બોર્ડ પત્ર નં-મફબ/યુર/૧૪મુ નાણાપંચ/ બીજો હપ્તો/૨૦૧૫-૧૬/૨૭૩૮ તા.૨૪/૦૨/૨૦૧૬થી ૧૪મા નાણાપંચની ભલામણ મુજબ બીજા હપ્તાની ગ્રાંટમાંથી કામો નક્કી થવા ડે.એન્જીનીયરશ્રીના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

સરકારશ્રી દ્વારા ૧૪માં નાણાપંચની જોગવાઈ અન્વયે બેઝીક ગ્રાંટમાંથી નગરપાલિકાની પાયાની સેવાની નિભાવણી માટે ગ્રાંટ ફાળવણી કરેલ છે. તે માટે નિયત કરેલ કામોની વિગત નીચે મુજબ છે.

૧. પાણી-પુરવઠાની સુવિધાની નિભાવણીના કામે થનાર ફટકડી ,ક્લોરીન, મટીરીયલ્સ, પમ્પીંગ મશીનરી,સ્પેર-પાર્ટની ખરીદી અને પાણી-પુરવઠો પુરો પાડવા થનાર લાઇટબીલ અને મજુરનો ખર્ચ, અને પાણી-પુરવઠાના સમ્પ/ટાંકીના સાફસફાઈ અને કલરકામ માટે થનાર ખર્ચ.
૨. આરોગ્યવિભાગના નિભાવણીના કામે થનાર જંતુનાશક દવાની ખરીદી ડીઝલ પેટ્રોલની ખરીદી વાહનોના રીપેરીંગ અને સ્પેરપાર્ટ્સ તેમજ સફાઈકામના મજુરો માટે થનાર ખર્ચ.

૩. સ્ટ્રીટલાઇટ વિભાગના નિભાવણીના કામે થનાર મટીરીયલ્સની ખરીદી અને લાઇટબીલ તેમજ મજુરનો ખર્ચ.
૪. બાંધકામ શાખા દ્વારા થતાં રોડ,ફુટપાથ અને વરસાદી પાણીના નિકાલ સ્મશાન અને કબ્રસ્તાન નીભાવણી માટે મટીરીયલ્સ રીપેરીંગ અને મજુરો માટે થનાર ખર્ચ. ટાઉનહોલ અને ગાર્ડનની નિભાવણી માટે થનાર રીપેરીંગ મટીરીયલ્સ અને સાધન ખરીદી અને લાઇટબીલ,મજુર ખર્ચ.
૫. ગણેશ વિસર્જન,દશેરા પર્વ, દિવાળી, રક્ષાબંધન, પર્યુષણ, નવરાત્રી, મોહરમ તથા ઈદ,ચેટીચાંદ જેવા અન્ય સામાજીક ઉત્સવ અને રાષ્ટ્રીયપર્વની ઉજવણી તથા સરકારશ્રી. તરફથી આયોજીત કાર્યક્રમની ઉજવણી માટે મટીરીયલ્સ સાધન ખરીદી અને મજુરોનો થનાર ખર્ચ.
૬. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ઘન કચરાના કલેક્શન, વર્ગીકરણ અને પ્રોસેસીંગની વ્યવસ્થાના કામે મટીરીયલ્સ સાધન ખરીદી તેમજ લાઇટબીલ અને મજુરનો ખર્ચ.

સરકારશ્રી દ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓના નાંણાકીય આવકના સાધનો સંગીન બનાવવા કામે બેઝીક ગ્રાંટ પેટે ફાળવેલ અનુદાન ઉપરોક્ત કામો માટે ફાળવવાનો સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૭ તા.૧૫/03/૨૦૧૬

બાબત:-

જીલ્લા આયોજન અધિકારીશ્રીની કચેરી ગોધરા ના પત્ર નં-જઅમ/૭/વિવેક/૯૪/૨૦૧૬ તા.૦૯/૦૨/૨૦૧૬ થી ૧૫% વિવેકાધીન જોગવાઈ હેઠળ મળેલ ગ્રાંટના કામો માટે ડે.એન્જીનીયરશ્રીના રીપોર્ટની વિગતે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાય અન્વયે જન.બોર્ડની મંજુરીની શરતે પ્રમુખશ્રીએ મંજુર કરેલા કામોને બહાલી આપવાનુ કામ.

ઠરાવ:-

જીલ્લા આયોજન અધિકારીશ્રીની કચેરી ગોધરાના પત્ર નં-જઅમ/૭/વિવેક/૯૪/૨૦૧૬ તા.૦૯/૦૨/૨૦૧૬ થી ૧૫% વિવેકાધીન જોગવાઈ હેઠળ મળેલ ગ્રાંટના કામો માટે જનરલ બોર્ડની મંજુરીની અપેક્ષાએ પ્રમુખશ્રીએ મંજુર કરેલા નીચે મુજબના કામોને બહાલી આપવા સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

| અ.નં | કામનુ નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | પોલન બજાર ઉર્દૂકુમાર શાળાની બાજુના ચોકમાં પેવર બ્લોક નાંખવાનુ કામ | ૩,૮૦,૦૦૦/- |
| ૨ | બામરોલી રોડ રે.સ.નં.૨૪૬,૨૪૭ પૈકીમાં નગરપાલિકા હસ્તકના વોટરવર્ક્સ માટે ચારેતરફ પુરસંરક્ષણ દિવાલનુ કામ | ૧૫,૦૦,૦૦૦/- |
| 3 | બામરોલી રોડ રે.સર્વે નં-૨૪૬,૨૪૭માં સી.સી.રોડ બનાવવાનું કામ | ૩,૮૦,૦૦૦/- |
| ૪ | ઉત્તમનગર સોસાયટી માર્કેટીંગ યાર્ડ રોડ ઉપર એલ.ઈ.ડી.લાઇટ નાંખવાનુ કામ. | ૨,૪૦,૦૦૦/- |
| | કુલ રકમ | **૨૫,૦૦,૦૦૦/-** |

# સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૮ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

ગોધરા નગરપાલિકા વિસ્તારમાં વગર પરવાનગીએ મેળવેલ ભુતીયા પાણી જોડાણોને જરૂરી ફી વસુલ લઈ રેગ્યુલરાઇઝ કરવા ચેરમેનશ્રી કારોબારી કમીટીની ભલામણવાળુ કામ.

ઠરાવ:-

ગોધરા નગરપાલિકા વિસ્તારમાં વગર પરવાનગીએ મેળવેલ ભુતીયા પાણી જોડાણોને જરૂરી ફી વસુલ લઈ રેગ્યુલરાઇઝ કરવા ચેરમેનશ્રી કારોબારી કમીટીની ભલામણ પરત્વે તા.૦૧/૦૪/૨૦૧૬થી તા.૩૦/૦૬/૨૦૧૬ સુધીના સમય દરમ્યાન રૂ!૨૦૦૦/- ફી. વસુલ લઈ પાણી જોડાણ નિયમિત કરવા અને નિયત કરેલ સમય મર્યાદા પૂર્ણ થતાં ચેકીંગ દરમ્યાન ગેરકાયદેસર પાણી જોડાણ મળી આવશે તો રૂ!૪૦૦૦/- દંડ અને પોલીસ ફરીયાદ સહીતની કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ આ બાબતે જરૂર જણાય તો સમય મર્યાદા વધારવા પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

# સામાન્ય સભા ઠરાવ નં.-૧૦૯ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી યોજના અંતર્ગત વર્ષ-૨૦૧૫-૧૬(UDP-88) પૈકી જ.બોર્ડ ઠરાવ નં-૧૪ તા.૨૭/૦૫/૨૦૧૫થી શહેરાભાગોળ રેલ્વે ફાટક પાસે અંડરબ્રીજ બનાવવાના કામે રૂ!૧.૫૦કરોડ ફાળવેલ છે. સદર અંડરબ્રીજના કામનો DPR/GAD તૈયાર થતાં સમય લાગે તેમ છે. સ્વર્ણિમની ગાઇડલાઇન મુજબ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થાય છે. જેથી સદર કામ રદ્દ કરી મંજુર થયેલ રકમ પૈકી નહેરૂ ગાર્ડનના આધુનિકીકરણ કામે રૂ!૯૧.૭૮લાખના ખર્ચનો સમાવેશ કરવા મંજુર કરવાનુ કામ.

ઠરાવ:-

સદર બાબતે ચર્ચા વિચારણા કરતા મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી યોજના અંતર્ગત રેલ્વે ઓવરબ્રીજ અને અંડરબ્રીજ માટે “અ” અને “બ” વર્ગની નગરપાલિકા નો સમાવેશ કરેલ છે. જેમાં ૫૦% રેલ્વે વિભાગ તરફથી અને ૫૦% રાજ્ય સરકાર તરફથી ફાળવવામાં આવે છે. જી.યુ.ડી.સી દ્વારા લેવલ ક્રોસીંગ પર રેલ્વે ઓવર બ્રીજ/અંડર બ્રીજનુ કામ બાબતે ટી.વી.યુની અગ્રતાક્રમ પ્રમાણે યાદી બનાવેલ જેમાં ૨૩માં ક્રમાંકે ગોધરા ખાતે એલ.સી.નં-૪ શહેરા ભાગોળ રેલ્વે ફાટક જગ્યાનો સમાવેશ કરેલ તે બાબતે જી.યુ.ડી.સી. દ્વારા પ્રથમ જનરલ એરેજમેન્ટ ડ્રોઈંગ રેલ્વે ડીપાર્ટમેન્ટમાં મંજુર કરાવવું અને ત્યારબાદ નકશા અને ડી.પી.આર. બનાવી તેની તાંત્રિક મંજુરી મેળવી દરખાસ્ત જી.યુ.ડી.સીને મોકલવા સુચના આપેલ છે. જેના અનુસંધાને ગોધરા નગરપાલિકા દ્વારા કન્સલટન્ટની નિમણુક કરી રેલ્વે ઓવરબ્રીજની દરખાસ્ત ડીવીઝનલ રેલ્વે

મેનેજરને કરેલ જે દરખાસ્ત બાબતે રેલ્વે વિભાગ તરફથી દરખાસ્ત અયોગ્ય જણાવી રોડ ઓવરબ્રીજની જગ્યાએ રોડ અંડરબ્રીજ બાબતે દરખાસ્ત કરવા સુચન કરેલ જેના અનુસંધાનમાં નગરપાલિકાના કન્સલટન્ટ અને રેલ્વેના એન્જીનીયર સાથે સંયુક્ત વિઝીટ બાદ કલેક્ટરશ્રી સાથે થયેલ મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ શહેરાભાગોળ ફાટકની જગ્યાએ ભુરાવાવ ખાતે ઓવરબ્રીજ બનેલ તેમાં રેલ્વે વિભાગે ૫૦% ખર્ચ આપેલ હોય અને જે તે સમયે શહેરાભાગોળ ફાટક બંધ કરવાની જગ્યાએ ચાલુ રાખેલ હોય શહેરાભાગોળ ખાતે થનાર નવીન રોડ અંડરબ્રીજ/ઓવરબ્રીજના કામે રેલ્વે વિભાગનો ફાળો આપવાનો થતો નથી. તેમજ નગરપાલિકાના કન્સલટન્ટ ના અભિપ્રાય મુજબ શહેરા ભાગોળ ફાટક ખાતે સ્થળ સ્થિતી જોતા રોડ અંડરબ્રીજ બનાવવો શક્ય નથી. જ્યારે રેલ્વેના એન્જીનીયર દ્વારા શહેરાભાગોળ ફાટક ખાતે અંદરબ્રીજ બને તેમ હોય સદર કામગીરી રેલ્વે વિભાગ પાસે કરાવવાની કલેક્ટરશ્રીની સુચનાના અનુસંધાને ગોધરા નગરપાલિકાના તા.૦૨/૦૩/૨૦૧૫ના પત્રથી શહેરાભાગોળ ફાટક પાસે અંડરબ્રીજની કામગીરી રેલ્વે પાસે કરાવવા સંમતિ આપેલ અને સદર કામે રેલ્વે વિભાગ ફાળો આપવા તૈયાર ન હોય નગરપાલિકા દ્વારા જન.બોર્ડ ઠરાવ નં.૧૪ તા.૨૭/૦૫/૨૦૧૫ થી યુડીપી-૮૮ હેઠળ ફાળવેલ વર્ષ-૨૦૧૫-૧૬ની ગ્રાંટમાં અંડરબ્રીજના કામે ૧૫૦લાખ રૂપિયા ફાળવવાનો નિર્ણય થયેલ રેલ્વે વિભાગ તરફથી પ્લાન અને એસ્ટીમેટ તૈયાર કરવા બાબતે ૨% લેખે રૂ!૧૬.૦૦લાખ ભરવાની સુચના આપતા તા.૨૦/૧૧/૨૦૧૫ના પત્રથી સ્વ-ભંડૉળમાંથી રૂ!૧૬.૦૦લાખનો ડી.ડી. રેલ્વેમાં જમા કરાવેલ છે. અને રેલ્વે વિભાગ દ્વારા અંડરબ્રીજના પ્લાન અને એસ્ટીમેટ તૈયાર થયેલ નથી. અને શહેરાભાગોળ ફાટકની જગ્યાએ અંડરબ્રીજ અને ઓવરબ્રીજ બનાવવા પૈકી યોગ્ય વિકલ્પ પંસદ કરવા બાબતે સદર મેટર હેડ ક્વાટર મુંબઈ ખાતે પડતર છે. જેથી તાંત્રિક અને વહીવટી મંજુરી લેવાની બાકી છે.

આકાશવાણીની બાજુમાં નગરપાલિકાએ સંપાદન કરેલ રમત-ગમતના હેતુ માટેની જમીન ખુલ્લી પડેલ હોય ભવિષ્યમાં ત્યાં દબાણ ન થાય અને ભવિષ્યમાં નગરપાલિકાને સદર જમીન ઉપયોગી બને તે હેતુથી સદર જમીન સુરક્ષીત કરવાની જરૂરીયાત હોય અને ભામૈયા ખાતે ગોધરા નગરપાલિકાના પાણી-પુરવઠા માટે ફાળવેલ જમીનમાં ફીલ્ટ્રેશન પ્લાંટની આજુબાજુની જગ્યામાં દબાણ ન થાય અને ભવિષ્યમાં પાણી પુરવઠાના કામે જમીન ઉપલબ્ધ રહે તેમાટે જગ્યા કમ્પાઉન્ડ વોલ અને ગેટથી સુરક્ષીત કરવાની જરૂરીયાત છે.

સરકારશ્રી દ્વારા જે તે વર્ષની ગ્રાંટની વહીવટી મંજુરી જેતે વર્ષમાં મેળવી લેવામાં આવે તે સુચના આપેલ હોય અને રેલ્વે વિભાગના પ્લાન એસ્ટીમેટ તૈયાર થવામાં સમય જાય તેમ છે. જેથી યુડીપી-૮૮ હેઠળ ૧૫૦લાખ રૂપિયા શહેરા ભાગોળ ફાટક ખાતે અંડરબ્રીજ બનાવવાના કામે થયેલ આયોજનમાં ફેરફાર કરી નીચે મુજબના કામોની દરખાસ્ત ડુડા પંચમહાલને કરવા અને રેલ્વે અંડરબ્રીજના કામ માટે રેલ્વે વિભાગની દરખાસ્ત મળેથી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જી.યુ.ડી.સી.ને દરખાસ્ત કરવાની સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| અ.નં | કામનુ નામ | અંદાજીત રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | નહેરૂ ગાર્ડનના નવીની કરણનુ કામ. | ૯૦.૦૦ |
| ૨ | આકાશવાણીની બાજુમાં આવેલ રમતગમતની જમીનની ફરતે કંમ્પાઉન્ડવોલનુ કામ | ૧૫.૦૦ |
| ૩ | ભામૈયા ખાતે ફીલ્ટ્રેશન પ્લાન્ટની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાનુ કામ. | ૪૫.૦૦ |
| | કુલ રકમ | ૧૫૦.૦૦ |

# સામાન્ય સભા ઠરાવ નં.-૧૧૦ તા.૧૫/૦૩/૨૦૧૬

બાબત:-

જહુરપુરા ચિઠીયાવાડ નાકે આવેલ બીન ઉપયોગી જર્જરીત મુતરડી દૂર કરી તેજ સ્થળે પાણીની પરબ બનાવવા અંગેનુ કામ ગત્ત સામાન્ય સભા તા.૦૯/૧૦/૨૦૧૫ના ઠરાવ નં-૫૫થી મુલત્વી રહેલ કામ બાબતે પુન:વિચારણા કરી સદર જર્જરીત મુતરડી તોડી નાંખવી અથવા તેમાં જરૂરી રીપેરીંગ કરી પુન:મુતરડી ચાલુ કરવા અંગે નિર્ણય કરવાનુ કામ

દરખાસ્ત:

તા.૧૫/૦૩/૨૦૧૬

પ્રતિ

પ્રમુખશ્રી.,નગરપાલિકા,ગોધરા

વિષય:-તા.૧૫/૦૩/૨૦૧૬ની ખાસ સામાન્ય સભામાં કામ નં-૧૩ બાબત.

સવિનય જણાવવાનું કે આજની સભાના એજન્ડાના કામ નં-૧૩માં જણાવેલ જહુરપુરા ચિઠીયાવાડ નાકે આવેલ નગરપાલિકા,ગોધરાએ બનાવેલ જાહેર મુતરડી ઘણા સમયથી જર્જરીત હાલતમાં બંધ પડેલ છે. આ મુતરડી જ્યારે બંધ પડી ત્યારે તેના ૧૦૦મીટરના અંતરે પે એન્ડ યુઝ શૌચાલય બનાવામાં આવેલ છે. જેના કારણે બંધ અને જર્જરીત મુતરડી ચાલુ કરવા માટે નગરપાલિકા ખાતે પ્રજાજનો દ્વારા કોઇ જ રજુઆત આવેલ નથી. જે ધ્યાને લઈ હાલ આ જર્જરીત મુતરડી તોડીને જગ્યા ખુલ્લી કરવા અમારી દરખાસ્ત છે.

દરખાસ્ત કરનાર:-નિમેષકુમાર એ. શાહ.
ટેકો આપનાર:-સિદ્દીક મોહમદ સાહેબખાં.

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# સામાન્ય સભા ઠરાવ નં.-૧૧૧ તા.૧૫/03/૨૦૧૬

બાબત:-

વોર્ડનં-૧ સેન્ટ આર્નોલ્ડ સ્કુલથી જુના જકાતનાકા શિમલા ગેરેજ વિસ્તારનો મિલ્કતવેરા રજીસ્ટરે “એ” ઝોન મુજબ વેરાઆકારણી થયેલ છે. સદર વિસ્તાર બીન-રહેણાંક અને છુટક મજુરી કરવાવાળા વાહન રીપેરીંગના ગેરેજવાળાની રજુઆત સંદર્ભે સદર વિસ્તાર ઝોન “બી”માં તબદીલ કરવા ચેરમેનશ્રી કારોબારી કમીટીની ભલામણ પરત્વે મુખ્યઅધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ

ઠરાવ:-

વોર્ડનં-૧ સેન્ટ આર્નોલ્ડ સ્કુલથી જુના જકાતનાકા શિમલા ગેરેજ વિસ્તારનો મિલ્કતવેરા રજીસ્ટરે “એ” ઝોન મુજબ વેરાઆકારણી થયેલ છે. સદર વિસ્તાર બીન-રહેણાંક અને છુટક મજુરી કરવાવાળા વાહન રીપેરીંગના ગેરેજવાળાની રજુઆત સંદર્ભે સદર વિસ્તાર ઝોન “બી”માં તબદીલ કરવા ચેરમેનશ્રી કારોબારી કમીટીની ભલામણ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

પ્રમુખ
નગરપાલિકા ગોધરા

ખરી નકલ

મુખ્ય અધિકારી
નગરપાલિકા,ગોધરા